# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા માહે ડિસેમ્બર-૨૦૧૭ અને જાન્યુઆરી-૨૦૧૮ દરમિયાન ગાંધીનગર/અમદાવાદના વિવિધ પેટાકેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (3) | પ્રાથમિક/મુખ્ય કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૧ | જુનિયર સહાયક વિદ્યુત નિરીક્ષક, વર્ગ-૨ | ૩૬/૨૦૧૭-૧૮ | ૨૩/૧૨/૨૦૧૭ બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦ | ૦૮/૧૨/૨૦૧૭ |
| ૨ | ગુજરાત ઈજનેરી સેવા (સિવિલ), વર્ગ-૧ અને વર્ગ-૨ | ૩૯/૨૦૧૭-૧૮ | ૨૪/૧૨/૨૦૧૭ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦ | ૦૮/૧૨/૨૦૧૭ |
| ૩ | પ્રોજેક્ટ મેનેજર, વર્ગ-૧ | ૪૪/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦ | ૧૨/૦૧/૨૦૧૮ |
| ૪ | હિસાબી અધિકારી, વર્ગ-૧ અને સહાયક વાણિજ્યિક વેરા કમિશ્નર, વર્ગ-૧ | ૧૦૭/૨૦૧૬-૧૭ | ૦૬/૦૧/૨૦૧૮ બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ અને ૦૭/૦૧/૨૦૧૮ સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ તથા બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | ૨૧/૧૨/૨૦૧૭ |
| ૫ | મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ (ખાસ ભરતી) (ન.જ.સ.પા.પૂ.ક. વિભાગ) | ૪૦/૨૦૧૭-૧૮ | ૦૭/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૨/૧૨/૨૦૧૭ |
| ૬ | નગર નિયોજક, રાજ્યપત્રિત સેવા, વર્ગ-૧ | ૪૬/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૯/૦૧/૨૦૧૮ |
| ૭ | મદદનીશ બાગાયત નિયામક/વિષય નિષ્ણાંત વર્ગ- ૨ | ૪૭/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૯/૦૧/૨૦૧૮ |
| ૮ | મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી, વર્ગ-૨ | ૪૮/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૬/૦૧/૨૦૧૮ |
| ૯ | સરકારી આયુર્વેદ કોલેજોમાં સંહિતા સિધ્ધાંતના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૦/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | ૧૨/૦૧/૨૦૧૮ |
| ૧૦ | સરકારી આયુર્વેદ કોલેજોમાં દ્રવ્યગુણના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૩/૨૦૧૭-૧૮ | ૦૭/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૨/૧૨/૨૦૧૭ |
| ૧૧ | સરકારી આયુર્વેદ કોલેજોમાં રસશાસ્ત્ર અને ભૈષજ્યકલ્પનાના વ્યાખ્યાતા, ( ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૪/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૬/૦૧/૨૦૧૮ |
| ૧૨ | સરકારી આયુર્વેદ કોલેજોમાં રોગ નિદાન અને વિકૃતી વિજ્ઞાનના વ્યાખ્યાતા, ( ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૫/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૬/૦૧/૨૦૧૮ |
| ૧૩ | સરકારી આયુર્વેદ કોલેજોમાં સ્વસ્થવૃત્તના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૬/૨૦૧૭-૧૮ | ૦૭/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૨/૧૨/૨૦૧૭ |
| ૧૪ | સરકારી આયુર્વેદ કોલેજોમાં પ્રસૂતિ અને સ્ત્રી રોગના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૮/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૨/૦૧/૨૦૧૮ |
| ૧૫ | સરકારી આયુર્વેદ કોલેજોમાં કૌમારભૃત્યના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૫૯/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | ૧૨/૦૧/૨૦૧૮ |
| ૧૬ | સરકારી આયુર્વેદ કોલેજોમાં કાય ચિકિત્સા વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૬૦/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૨/૦૧/૨૦૧૮ |
| ૧૭ | સરકારી આયુર્વેદ કોલેજોમાં શલ્યતંત્રના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૬૧/૨૦૧૭-૧૮ | ૦૭/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૨/૧૨/૨૦૧૭ |
| ૧૮ | સરકારી આયુર્વેદ કોલેજોમાં શાલક્ય તંત્રના વ્યાખ્યાતા, (ગુ. આયુ.સે.) વર્ગ-૨ | ૬૨/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૬/૦૧/૨૦૧૮ |
| ૧૯ | સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ (ખાસ ભરતી) | ૪૫/૨૦૧૭-૧૮ | ૦૭/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૧/૧૨/૨૦૧૭ |
| ૨૦ | સંયુક્ત ચેરીટી કમિશ્નર,વર્ગ-૧ | ૪૯/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૬/૦૧/૨૦૧૮ |
| ૨૧ | આચાર્ય, વર્ગ-૨ (આદર્શ નિવાસી શાળા) (વિકસતી જાતિ કલ્યાણ ખાતુ) | ૬૫/૨૦૧૭-૧૮ | ૨૧/૦૧/૨૦૧૮ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૬/૦૧/૨૦૧૮ |
| ૨૨ | સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ (વિકસતી જાતિ કલ્યાણ) | ૩૩/૨૦૧૭-૧૮ | ૨૮/૦૧/૨૦૧૮ બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | ૧૧/૦૧/૨૦૧૮ |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ-૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૦૧-૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવા અગાઉના બે કલાક સુધીમાં પોતાના ફક્ત પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે, જ્યારે જા.ક્ર. ૧૦૭/૨૦૧૬-૧૭ અને ૩૯/૨૦૧૭-૧૮ માટે ફક્ત પ્રવેશપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે. પ્રવેશપત્ર "Online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) https://gpsc-ojas.gujarat.gov.in/ પર જવું. (૨) "Call Letter/Form" >> "Preliminary Call Letter" પર "Click" કરવું. (જા.ક્ર.૧૦૭/૨૦૧૬-૧૭ માટે Main Exam Call Letter /Form પર "Click" કરવું.) (૩) અહીં ઉમેદવારે પોતાની "Job Select" કરવી તથા "Confirmation Number" અને "Birth Date" ટાઈપ કરવાના રહેશે. (૪) હવે "Print Call Letter" પર "Click" કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર "Click" કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસ નોંધ:-** (૧)પોસ્ટ ઓફિસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તા. ૦૮-૧૨-૨૦૧૭